ધુમાડાના કારણે શ્વાસ લેવાની તકલીફ વધતા બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે ખતરો, વલસાડ પાલિકાની

ડમ્પિંગ સાઈટ પર ધુમાડાના ગોટેગોટા

10મી તારીખની રાતથી શરૂ થયેલો ધુમાડો 12મી તારીખે પણ યથાવત્તી

લાપોર, ધમડાચી સહિતના વિસ્તારોના રહીશો મુશ્કેલીમાં



વલસાડ : વલસાડ નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર કચરો સળગવાની ઘટનાએ આસપાસના વિસ્તારોના રહીશોની મુશ્કેલી વધારી દીધી છે. ડમ્પિંગ સાઈટ પર 10મી તારીખની રાતથી કચરો સળગવાના કારણે ધુમાડાના ગોટેગોટા ઊઠવાનું શરૂ થયું હતું, જે 12મી તારીખે પણ જોવા મળતાં સ્થાનિક લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ડમ્પિંગ સાઈટ પરથી ઊઠતા ધુમાડાના ગોટેગોટા આસપાસના રહેણાંક વિસ્તારો સુધી ફેલાઈ રહ્યા છે. લીલાપોર, ધમડાચી, મોગરાવાડી, છીપવાડ સહિતના વિસ્તારોમાં ધુમાડાની અસર જોવા મળી રહી છે. સતત ત્રણ દિવસ સુધી ધુમાડો ફેલાતાં સ્થાનિક રહીશોને શ્વાસ લેવામાં તકલીફ સહિતની સમસ્યાઓનો ભય સતાવી રહ્યો છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વસન સંબંધિત બીમારીઓ ધરાવતા લોકોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે.

પાલિકા સ્વચ્છતા અને સ્વચ્છ શહેરની વાતો કરે છે, ત્યારે બીજી તરફ ડમ્પિંગ સાઈટ પર કચરો સળગવાની ઘટના સામે આવતાં કચરાના નિકાલની વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. 10મી તારીખની રાતથી શરૂ થયેલી આ સમસ્યા 12મી તારીખ સુધી ચાલુ રહેવા છતાં ધુમાડાથી પરેશાન લોકોમાં તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે.

કચરો કોઈએ સળગાવ્યો કે આકસ્મિક રીતે સળગ્યો

વલસાડ નગરપાલિકાની ડમ્પિંગ સાઈટમાં છેલ્લા ત્રણ દિવસથી સળગી રહેલો આ કચરો કોણે સળગાવ્યો કે પછી ફટાકડાના કારણે આકસ્મિક રીતે અહીં આગ લાગી તે તપાસનો વિષય બન્યો છે. આગ લાગ્યા બાદ તેને બુઝાવવાની જવાબદારી નગરપાલિકાની છે પરંતુ નગરપાલિકા દ્વારા ખાનગી કોઈ પગલા ભરાયા નથી. જેને લઈને લોકોમાં નગરપાલિકા સામે ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

દિવાળી વેકેશન વચ્ચે પ્રવાસીઓથી ઊભરાયું હિલ સ્ટેશન 'સાપુતારા'



ગિરીશ ભોયે

■ સાપુતારા : દિવાળી વેકેશનના માહોલ વચ્ચે સાપુતારા પ્રવાસીઓથી ઘમઘમી ઉઠ્યુ છે. શહેરી જીવનની ભાગદોડથી દૂર પ્રકૃતિના ખોળે શાંતિ અને આહલાદક વાતાવરણનો અનુભવ કરવા માટે હજારોની સંખ્યામાં સહેલાણીઓ પોતાના પરિવાર અને સ્નેહીજનો સાથે ગિરિમથક સાપુતારા ખાતે પહોંચ્યા છે. ગુલાબી ઠંડી અને લીલીછમ વનરાજી વચ્ચે સમગ્ર વિસ્તારમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે. સહેલાણીઓના પ્રવાહને પગલે સાપુતારાના પ્રવાસન સ્થળો પર ભારે ચહલપહલ જોવા મળી રહી છે. સાપુતારા ખાતે પ્રવાસીઓની ભીડનાં પગલે તમામ હોટલ, રિસોર્ટ, ટેન્ટ, હોમસ્ટે ખાતે હાઉસફુલનાં પાટિયા ઝૂલી ઉઠ્યા હતા. સાપુતારા તળાવ ખાતે નૌકાવિહાર (બોટિંગ) કરવા માટે પ્રવાસીઓની લાંબી કતારો લાગી છે, સાંજ પડતા જ આથમતા સૂર્યનો નયનરમ્ય નજારો જોવા માટે સનસેટ પોઈન્ટ પર પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટી પડે છે. સાપુતારામાં પ્રવાસીઓનાં અવિરત ઘસારાનાં પગલે સાપુતારા શામગહાન ટ્રાફિકજામની સ્થિતિ વણસતા પી.આઈ. જે.કે.બારીયાની ટીમે ટ્રાફિક હળવો કર્યો હતો.



દરિયામાં ટાપુ પર ભરતીના પાણી વચ્ચે ફસાયો પરિવાર

છ સભ્યો હેમખેમ બહાર આવતા મોટી દુર્ઘટના ટળી

નાની દમણના દરિયામાં પાણી ફરી વળતા જોખમી સ્થિતિ સર્જાઈ

દમણ : સંઘપ્રદેશ દમણના નાની દમણના દરિયામાં ઓટ દરમિયાન ઉભરાતા ટાપુ પર ફરવા જવાનો શોખ ફરી એકવાર પર્યટક પરિવાર માટે જોખમી સાબિત થયો હતો. દરિયામાં ઓટના સમયે બહાર આવેલા ટાપુ પર મોજમસ્તી કરવા ગયેલો પરપ્રાંતિય પરિવાર ભરતીનું પાણી ફરી વળતાં ટાપુ પર જ ફસાઈ ગયો હતો. જોકે, સદનસીબે પરિવારના તમામ સભ્યો હેમખેમ કિનારે પહોંચી જતાં મોટી જાનહાનિ ટળી હતી.

ઘટનાની વિગત મુજબ, નાની દમણના દરિયાકિનારે એક પરપ્રાંતિય પરિવાર ફરવા આવ્યો હતો. દરિયામાં ઓટના કારણે પાણીનું સ્તર ઘટતાં વચ્ચે ઉભરી આવેલા ટાપુ પર બે પુરુષ, એક મહિલા અને ચાર બાળકો પહોંચ્યા હતા. પરિવારના સભ્યો ત્યાં મોજમસ્તીમાં મશગૂલ હતા, તે દરમિયાન બપોરના સમયે દરિયામાં ભરતી શરૂ થતાં ધીમે ધીમે પાણી ટાપુની આસપાસ ફરી વળ્યું હતું. જોતજોતામાં દરિયાનું પાણી વધવા લાગતાં પરિવાર માટે કિનારે પરત ફરવું મુશ્કેલ બન્યું હતું. આખરે અન્ય કોઈ વિકલ્પ ન રહેતાં પરિવારના સભ્યોએ જીવના જોખમે પાણીમાં ઉતરી કિનારા તરફ આગળ વધવાનું શરૂ કર્યું હતું. નાની બાળકી સહિત તમામ સભ્યો દરિયાના પાણીમાંથી પસાર થઈને સુરક્ષિત રીતે કિનારે પહોંચવામાં સફળ રહ્યા હતા. આ દ્રશ્ય જોઈ કિનારે હાજર અન્ય પર્યટકોના જીવ પણ અધ્ધર થઈ ગયા હતા, પરંતુ તમામ સભ્યો હેમખેમ બહાર આવી જતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

ભીલાડમાં ટ્રક ડ્રાઈવરને ચપ્પુના ઘા ઝીંકી લૂંટ ચલાવનાર 4 ઝડપાયા

LCB અને ભીલાડ પોલીસે ગણતરીના કલાકમાં જ ભેદ ઉકેલી ૧.૩૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

આરોપીઓ પાસેથી બે વાહનો અને ૭ મોબાઈલ કબજે

ઉમરગામ : શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વધતી ગુનાખોરી પર અંકુશ મેળવવા માટે વલસાડ જિલ્લા પોલીસે મહત્ત્વની સફળતા હાંસલ કરી છે. ભીલાડ RTO ચેક પોસ્ટ નજીક સર્વિસ રોડ પર પાર્ક કરેલી ટ્રકના ડ્રાઈવરને છરીના ઘા મારી લૂંટ ચલાવનાર કુખ્યાત ગેંગને વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ભીલાડ પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ચાર પુખ્ત વયના આરોપીઓ અને એક કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકિશોર સહિત કુલ ૫ ઈસમોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભીલાડ વિસ્તારમાં આવેલા મેલડી માતાના મંદિર પાસે, આરોપીઓ પલ્સર મોટરસાઈકલ અને એક્ટિવા મોપેડ પર આવ્યા હતા. તેમણે ત્યાં પાર્ક કરેલી ટ્રકના ડ્રાઈવરને પકડી ધમકી આપી હતી અને તેના પાકીટમાંથી રોકડા રૂપિયા લૂંટી લીધા હતા. વળી, ડ્રાઈવરનો મોબાઈલ ફોન છીનવી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરવા માટે પાસવર્ડ માંગતા, ડ્રાઈવરે ના પાડતાં આરોપીઓએ તેની સાથે ઝપાઝપી કરી હતી અને ચપ્પુ વડે કપાળ, હાથ તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોટરસાઈકલ પર નાસી છૂટ્યા હતા.

આ મામલે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દક્ષિણ ગુજરાતના પોલીસ મહાનિરીક્ષક અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના તથા LCB પોલીસ ઈન્સ્પેક્ટર એ.યુ. રોઝ અને ભીલાડ PI જી.આર.ગઢવીના માર્ગદર્શન હેઠળ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ એનાલિસિસની મદદથી આરોપીઓની ઓળખ મેળવી હતી.

પકડાયેલા આરોપીઓ


૧. બિહુ સુનીલ શમી (મૂળ ઉત્તરપ્રદેશ)
૨. રેહાન ઉર્ફે કલ્લુ ફિરોઝ મલિક (મૂળ ઉત્તરપ્રદેશ)
૩. રીતેશ રાજેશ યાદવ (મૂળ ઉત્તરપ્રદેશ)
૪. ફિદાહુસેન સદાહુસેન મનિહાર (મૂળ ઉત્તરપ્રદેશ)
૫. એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર

કબજે કરેલો મુદ્દામાલ

પોલીસે આરોપીઓ પાસેથી એક બજાજ પલ્સર મોટરસાઇકલ, એક એક્ટિવા મોપેડ, ૭ નંગ મોબાઈલ ફોન, રોકડા રૂપિયા ૯,૦૦૦ અને ૨ ચપ્પુ સહિત કુલ રૂપિયા ૧,૩૯,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપીઓ પૈકી રેહાન વિરુદ્ધ અગાઉ પણ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુના નોંધાયેલા છે.







VDC BANK
ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ,વલસાડ.
The Valsad District Central Co-operative Bank Limited. Valsad.
Administrative Office:- "Sahakar Sadan",Kacheri Road,Valsad-396001. Phone No.(02632)248725,241424,
Email : ceo@vdc.bank.in • Website: vdc.bank.in.

APPENDIX-IV
POSSESSION NOTICE
(For Immovable Property/ies)
(Rule 8(1) of the Security Interest (Enforcement) Rules, 2002)

Whereas,
The undersigned being the Authorized Officer of The Valsad District Central Co-Operative Bank Ltd. under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated 14-08-2026, calling upon the Borrower Bakilkhan Hakimkhan Pathan and Jetunben Bakilkhan Pathan, to repay the amount mentioned in the notice being RS.11,70,067.52/- (Rupees Eleven Lakh Seventy Thousand Sixty Seven and Fifty Two Paise Only)Plus Interest of Rs. 3,21,945/- (Rupees Three Lakh Twenty-One Thousand Nine Hundred Forty-Five only) as on 12-08-2026 together with further Interest thereon at the contractual rate plus costs, charge and expenses till date within 60 Days from the date of receipt of the said notice.
The Borrower Having failed to repay the amount, notice is hereby given to the Borrower and the Public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of the Act read with Rule 8 of the Security Interest Enforcement Rules, 2002 on this the 04th day of November of the year 2026.
The Borrower/Guarantors/Mortgagors in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property/ies will be subject to the charge of The Valsad District Central Co-Operative Bank Ltd. for an amount RS.11,70,067.52/- (Rupees Eleven Lakh Seventy Thousand Sixty-Seven and Fifty-Two Paise Only) Plus Interest of Rs. 3,21,945/- (Rupees Three Lakh Twenty-One Thousand Nine Hundred Forty-Five only) as on 12-08-2026 and further Interest thereon at the contractual rate plus cost, charge, expenses and deductions or adjustments till date of full re-payment.
The Borrower's attention is invited to provision of sub section (8) of section 13 of the Act, in Respect of time available to redeem the secured assets.

Description of The Immovable Property
Moje Unai Gam panchayat House 82 and 83, situated at within the limit of Taluka Vansda, District Navsari
Bounded:
On the North by: Khambhliya Gam Panchayat Gali
South by: Unai Bazar Road
On the East by: House of Champakbhai Paragbhai Lad
On the West by: House of Dineshbhai Ravjibhai Parmar
Date: 06/11/2026 (Udaykumar G. Patel)
Place: Valsad Authorized Officer




વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
વસુધારા ડેરી, આલીપુર
વસુધારા
Amul
The Taste of India
સૌને અમારા નૂતન વર્ષાભિનંદન
➢ વસુધારા ડેરી સંયોજિત મંડળીઓના પ્રમુખશ્રીઓ, કમિટિ સભ્યો, દૂધ ઉત્પાદક બહેનો અને ભાઈઓ
➢ વસુધારા ડેરીના "અમૂલ" અને "વસુધારા" બ્રાન્ડના ઉત્પાદનોના ઉપભોગકર્તા અમારા માનવંતા ગ્રાહકો
➢ અમૂલ દૂધના ડીસ્ટ્રીબ્યુટરો અને એજન્ટો
➢ વસુધારા ડેરીના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરો અને સપ્લાયરો
➢ વસુધારા ડેરીના શુભચિંતકો
➢ વસુધારા ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ અને કામદારો
આવનારા વર્ષમાં વિકાસની ગતિને વણથંભી રાખવા માટે આપણે વધુ કટિબધ્ધ બની "સહકારી પ્રવૃતિ થકી જ સર્વેનું કલ્યાણ" ના મંત્રને અનુસરી ઉત્તરોત્તર દૂધ ઉત્પાદનમાં વધારો કરી, વસુધારા ડેરીના દૂધ અને દૂધના ઉત્પાદનોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખો, તેમજ બજારની તીવ્ર હરિફાઈના પડકારને સહુના સહિયારા પુરુષાર્થથી સામનો કરવાનો નવા વર્ષના મંગળ પ્રભાતે આપણે સહુ સંકલ્પ કરીએ. નૂતન વર્ષ આપ સર્વેને સુખ-સમૃધ્ધિ આપનારું બની રહે તેવી હાર્દિક શુભેચ્છા.
"વસુધારા ડેરી" પરિવાર